## વાહન વ્યવહાર કમિશનરની કચેરી

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર-૬, ૨-૩જો માળ,ગાંધીનગર

ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૩૬૧-૬૨-૬૩ Email :-cotit2016@gmail.com

---

આઈ.ટી/એન.ઓ.સી/ઓન/ ૯૫૧૮

તા. 9 JUL 2019

પ્રતિ,

તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી.

તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.

વિષયઃ-ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ/સરનામામાં ફેરફાર વખતે એનઓસીની જરૂરીયાત રદ કરવા બાબત.

સંદર્ભ:-(૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક-આઇટી-સારથી૪-ડીએલપ્રણાલી-૩૯૨૧, તા.૪-૪-૧૮.

(૨) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝના તા.૨૮-૨-૧૯ ના પત્ર ક્રમાંક-આરટી-૧૧૦૩૬-૧૦-૨૦૧૯-એમવીએલ.

ઉપરોક્ત વિષયના અનુસંધાને સવિનય જણાવવાનું કે, સંદર્ભ-૧ માં દર્શાવેલ પત્રથી જે અરજદારના ડ્રાઇવીંગ લાયસન્સની વિગતો સારથી ૪.૦ માં ઉપલબ્ધ છે તેવા અરજદારો માટે ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ/ડુપ્લીકેટ કે સરનામામાં ફેરફાર માટેના સંજોગોમાં એક જીલ્લામાંથી બીજા જીલ્લામાં ટ્રાન્સફરની કામગીરી માટે એનઓસીની જરુર રહેતી નથી તેમ જણાવેલ.

સંદર્ભ-૨ માં દર્શાવેલ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝના તા.૨૮-૨-૧૯ ના પત્રથી જણાવેલ છે કે, સારથી ડેટાબેઝમાં રાજ્ય દ્વારા ઇસ્યુ થયેલ ડ્રાઇવીંગ લાયસન્સની તમામ માહિતી ઉપલબ્ધ છે ત્યારે ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ કે સરનામામાં ફેરફારની અરજી જયારે મળે ત્યારે સક્ષમ અધિકારીએ સારથી ડેટાબેઝમાં ઉપલબ્ધ તમામ માહિતી ચેક કરવી જોઇએ વધારામાં તેની વિગતો ઇ-ચલણ મોબાઇલ એપ્લીકેશનથી મળેલ માહિતી પણ વેલીડ ગણી શકાય.

મંત્રાલયના ધ્યાન ઉપર આવેલ છે કે, સામાન્ય રીતે ઘણા બધા રાજ્ય દ્વારા વાહનચાલક સરનામું બદલે કે રીન્યુ કરાવવા જાય ત્યારે NOC લેવાનું અમલી બનાવેલ જેના કારણે અરજદારોને ઘણી હાલાકી ભોગવવી પડતી હતી. આથી હવે જયારે જિલ્લાના તથા અન્ય રાજ્યોના અરજદારોએ

ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ કે સરનામામાં ફેરફારની અરજી વખતે એનઓસી મેળવવા માટે સારથી-૪ માં ડેટા હોવાથી મુળ લાયસન્સીંગ ઓથોરીટી પાસે જવાની જરૂર રહેતી નથી. આપની પાસે ડ્રાઇવીંગ લાયસન્સ રીન્યુઅલ કે સરનામામાં ફેરફારની અરજી આવે ત્યારે જુની પ્રથા રદ્દ કરી સારથી ડેટાબેઝ કે ઇ-ચલણ એપ ધ્વારા ઓનલાઇન વેરીફીકેશન કરવાનું રહેશે.

બિડાણ:- ઉપર મુજબ.

AGTTA
DT. 10-07-2019
File No. : 19

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.